# ૭. આવક જમા કરવી / કરાવવા અંગેના પરિપત્રો

**માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ અરજી ફી તથા અન્ય ચાર્જીસની થયેલ આવક અંગેનું બજેટ સદર બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : વહસ-૨૦૦૫-૪૫૦-આર. ટી.આઈ. સેલ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૦૫-૦૧-૨૦૦૬

**વંચાણે લીધા :**

૧. વિભાગનો સરખા ક્રમાંકનો પરિપત્ર, તા. ૨૦-૧૦-૨૦૦૫.

૨. નાણા વિભાગનો પત્ર ક્રમાંક : ઓ.એન.એસ.-૧૦૨૦૦૫-૫૧૬૧-(૧૩૦)-ક. તા. ૮-૧૨-૨૦૦૫.

૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), રાજકોટના તા. ૩૦-૧૧-૨૦૦૫ ના પત્રાંક : ટીએમ/પ્રપોઝલ ઓએનએસ/૦૦૭૦/ઓડબલ્યુ-૪૨૮.

**પરિપત્ર :**

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા/નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યક્તિએ ઠારવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નક્કી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપરની હકીકતે આ અંગેની ફી તેમજ અન્ય ચાર્જીસની જે આવક થાય તે ક્યા નવા બજેટ સદરે જમા કરાવવી તે બાબત એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટના પરામર્શમાં વિચારણા હેઠળ હતી. તે દરમિયાન આમુખ-(૧)માં દર્શાવેલ તા. ૨૦-૧૦-૨૦૦૫ના પરિપત્રથી કામચલાઉ બજેટ સદર આ હેતુ માટે નક્કી કરવામાં આવેલ હતું.

૩. આમુખ-(૨)માં દર્શાવેલ નાણા વિભાગના તા. ૦૮-૧૨-૨૦૦૫ના પત્રમાં જણાવ્યા મુજબ આ હતુ માટેના બજેટ સદરની એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ તરફથી આમુખ-૩માં દર્શાવેલ તા. ૩૦-૧૧-૨૦૦૫ના પત્રથી મંજુરી મળી ગયેલ હોઈ, આ કાયદા/નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની જે આવક થાય તે નીચે મુજબના બજેટ સદરે જમા કરવા/કરાવવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Demand No. | : | - |
| Major Head | : | 0070-Other Administrator Services |
| Sub-Major Head | : | 60-Other Services |
| Minor Head | : | 800-Other receipt |
| Sub-Head | : | (17) Fees & Other Charges under the Right to Information Act/Rules |
| માંગણી નંબર | : | - |
| મુખ્ય સદર | : | ૦૦૭૦-અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : | ૬૦-અન્ય આવકો |
| ગૌણ સદર | : | ૮૦૦-અન્ય આવકો |
| પેટા સદર | : | (૧૭)-માહિતી મેળવવાના અધિકારનો કાયદો/નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક. |

૪. આ અંગેની જે કોઇ આવક થાય તે અંગેનો હિસાબ/માહિતી સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીઓએ અલગ રીતે જાળવવાની રહેશે. તદઉપરાંત એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટની કચેરી ખાતે હિસાબી મેળવવાની કામગીરી પણ વખતોવખત થાય તેની તકેદારી રાખવાની રહેશે. આ બાબત સર્વ વિભાગોએ તેઓના તાબા હેઠળના ખાતાના વડાઓ અને સર્વ કચેરીઓના ધ્યાને લાવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સી.એસ.ઉપાધ્યાય,**
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

➢ મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર..
મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
ઉપ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
➢ સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, સેક્ટર ૧૮, ગાંધીનગર
➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વ વિભાગો
સર્વ જિલ્લા કલેકટરશ્રી
સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
સામાન્ય વહીવટ વિભાગની સર્વ શાખાઓ
પસંદગી ફાઇલ.

---

* પત્ર દ્વારા